

## Cadaver Organ Donor

# Lt. _Premilaben Manjibhai Goyani

## He Donated: Kidneys, Liver & Eyes

## Date:- 09/06/2018

DONATE LIFE™
an initiative for organ donation

# Brain-dead woman's organs save five lives

Times News Network

Surat: A brain-dead woman's kidneys, liver and corneas gave a new lease of life to five people on Saturday. This is the fifth consecutive cadaver donation in the last seven days in the city which has helped save lives of about 28 people in different parts of the country.

Premilaben Manji Goyani, 77, a resident of Swaminarayan Nagar at Puna, suffered head injuries when she slipped in her house on June 5. Premilaben was rushed to a private hospital where medical reports including CT scan suggested severe internal injury in brain. Doctors declared her brain-dead on Friday.

**Premilaben Manji Goyani's kidneys were transplanted in the bodies of Yogesh Singh Bhati, 55, a resident of Gandhinagar, and Kamlesh Jayanti Patel, 53, a resident of Ahmedabad**

When Donate Life volunteers convinced the family members on cadaver donation, they agreed to donate her organs.

A team from the Institute of Kidney Diseases and Research Centre, Ahmedabad, headed by Dr Pranjal Modi was informed about organ donation. The team harvested kidneys and liver while the corneas were donated to Lokdrashti Eye Bank.

The kidneys were transplanted in the bodies of Yogesh Singh Bhati, 55, a resident of Gandhinagar, and Kamlesh Jayanti Patel, 53, a resident of Ahmedabad. The liver was transplanted in the body of Hema Kanjani, 54, a resident of Junagadh. Two blind persons were beneficiaries of her eyes.

Until now, Donate Life has received donations of 258 kidneys, 105 livers, six pancreas, 17 hearts and 222 corneas, thereby giving a new lease of life to 695 patients suffering from various diseases in the country.



पुणागाम में रहनेवाली प्रेमिलाबेन मनजीभाई गोयाणी गिरने से आयुष आईसीयु में भर्ती थी। जिन्हें ब्रेन हेमरेज होने का पता चला। उन्हें ब्रेनडेड घोषित किया गया। उनके परिजनों ने अंगदान का महत्व समझा। प्रेमिलाबेन के किडनी व लीवर व आंखों के दान से पांच लोगों को नया जीवन मिला ( लोकतेज फोटो )

# पूणागाम की ब्रेनडेड वृद्धा के अंग दान से 5 व्यक्तियों को मिला जीवनदान

**संवाददाता, सूरत**

पूणागाम के लेउवा पटेल समाज क ब्रेनडेड वृद्ध के परिवार ने उनकी कीडनी, लिवर और चक्षुओं का दान कर पांच व्यक्तियों को नया जीवनदान दिया। पूणा बॉम्बे मार्केट रोड स्थित परिवार के साथ रहनेवाले प्रेमिलाबेन मनजीभाई गोयाणी (77) 5 जून को अपने घर में गिरने से चोट लगी थी। उन्हें निजी अस्पताल में भर्ती किया गया। वहां चिकित्सक ने उन्हें दूसरे दिन ब्रेनडेड घोषित किया। इससे निजी चिकित्सक ने डोनेट लाइफ टीम को इसके बारे में बताया। लाइट टाइम की टीम ने ब्रेनडेड प्रेमिलाबेन के परिवार को अंगदान का महत्व समझाने पर अंगदान करने के लिए राजी हो गए। परिवार तरफ से संमति मिलने पर डोनेट लाइफ की टीम ने प्रेमीलाबेन की कीडनी और लिवर का दान स्वीकारा। चक्षुओं का दान लोकदृष्टि चक्षुबेंक ने स्वीकारा। दान में मिली एक कीडनी गांधीनगर में रहनेवाले योगेशसिंह भाटी में और दूसरी कीडनी अहमदाबाद के कमलेश पंडित में ट्रान्सप्लान्ट की गई। वहीं लिवर जूनागढ के निवासी हेमाबेन देवानंद कंजाणी को ट्रान्सप्लान्ट की गई।

# લેઉવા પટેલ સમાજની બ્રેઈનડેડ વૃદ્ધાનું અંગદાન, પાંચને નવજીવન

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શનિવાર

પુણા-બોમ્બે માર્કેટ ખાતે ઘરમાં પડી ગયેલા બાદ બ્રેઈનડેડ જાહેર કરાયેલી વૃદ્ધાના અંગ-ચક્ષુદાનથી પાંચ વ્યક્તિને નવજીવન મળ્યું છે.



મૂળ ભાવનગરના ગારીયાધારના રૂપાવટી ગામના વતની અને હાલ પુણા-બોમ્બે માર્કેટ રોડ સ્વામી નારાયણ નગરમાં રહેતા લેઉવા પટેલ સમાજના પ્રેમીલાબેન મનજીભાઈ ગોયાણી (ઉ.વ.૭૭) ગઈ તા. ૫ મીએ સવારે ઘરમાં પડી જતા માથામાં ઈજા થઈ હતી. બાદમાં હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ તા. ૮ જૂને તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા.

આ અંગે ડોનેટ લાઈફ સંસ્થાને જાણ થતા બાદ વૃદ્ધાના પરિવારજનોને સમજાવતા તેઓ વૃદ્ધાના અંગદાન માટે સંમત થયા હતા.

દાનમાં મળેલી એક કિડની ગાંધીનગરના યોગેશસિંહ લાલચંદ ભાટીને (ઉ.વ.૫૫), બીજી કિડની અમદાવાદના કમલેશ જયંતિભાઈ પંડિતને (ઉ.વ.૫૩) જ્યારે લિવર જૂનાગઢના હેમાબેન દેવાનંદ કુંજાણી (ઉ.વ.૫૪) ને ટ્રાન્સપ્લાન્ટ કરાયું છે. ચક્ષુઓનું દાન સુરતની લોકદ્રષ્ટિ ચક્ષુબેંકે સ્વીકાર્યું છે.

**પ્રેમિલાબેન ગોયાણીના કિડની, લીવર ગાંધીનગર, અમદાવાદ, જુનાગઢના રહીશોને ટ્રાન્સપ્લાન્ટ કરાયા**

# લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ વૃદ્ધાના અંગદાન થકી પાંચ વ્યક્તિઓને નવું જીવન મળ્યું

સુરત તા. ૦૯

લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ વૃદ્ધાના અંગદાન થકી પાંચ વ્યક્તિઓને નવું જીવન આપી ગોયાણી પરિવારે અંગદાન કરી માનવતાની મહેક પ્રસારી છે. સાથે સમાજને નવી દીશા ચીંધી છે.

મુળ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના રૂપાવટી ગામના અને હાલ ૮૦, સ્વામીનારાયણ નગર વિભાગ-૧, સુવિધા રો હાઉસની સામે, પુણા બોમ્બે માર્કેટ રોડ ખાતે રહેતા ભીખાભાઈ મનજીભાઈ ગોયાણી અને તેમના ભાઈ અતુલભાઈ ટેક્ષ્ટાઈલના વ્યવસાય સાથે સંકળાયેલા છે. અનેય એક ભાઈ સંજયભાઈ પ્રદુષણ નિયંત્રણના ક્ષેત્રમાં કન્સલ્ટન્ટ તરીકે કાર્ય કરે છે. તેમના માતા પ્રેમીલાબેન (ઉ. વ. ૭૭) મંગળવાર તા. ૫ જુનના રોજ સવારે ૫:૩૦ કલાકે ઘરમાં પડી જતાં માથામાં ઈજા થવાથી બેભાન થઈ ગયા હતા. તેમને આયુષ આઈસીયુ હોસ્પીટલમાં દાખલ કરાયા હતા, જ્યાં બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થતા વધુ સારવાર માટે તેમને આઈએનએસ હોસ્પીટલમાં દાખલ કરાયા હતા. શુક્રવાર તા. ૬ જુને તબીબોએ પ્રેમીલાબેનને બ્રેઈનડેડ જાહેર કર્યા.



ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અંકિત ગજ્જરે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી પ્રેમીલાબેનના બ્રેઈનડેડ અંગેની જાણકારી આપતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી પ્રેમીલાબેનના પુત્રો ભીખાભાઈ, અતુલભાઈ, સંજયભાઈ અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારે અંગદાનની સંમતિ આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની ગાંધીનગરના યોગેશસિંહ લાલચંદભાઈ ભાટી (ઉ. વ. ૫૫), જ્યારે બીજી કિડની અમદાવાદના કમલેશ જયંતિભાઈ પંડિત (ઉ. વ. ૫૩) અને લિવર જુનાગઢના હેમાબેન દેવાનંદ કાંજાણી (ઉ. વ. ૫૪)માં અમદાવાદ ખાતે ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નિલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૫૮ કિડની, ૧૦૫ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૩ હૃદય અને ૨૨૨ ચક્ષુઓના દાન મેળવીને ૬૦૫ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

## ગોયાણી પરિવારે અંગદાન કરી માનવતાની મહેક પ્રસારી : ડોનેટ લાઈફ દ્વારા ૭ દિવસમાં ૫ બ્રેઈનડેડ વ્યક્તિના અંગોનું દાન કરાવાયું

# પુણાગામના બ્રેઈનડેડ વૃદ્ધાના અંગદાનથી પાંચને નવજીવન

**સુરત.** પુણા ગામના લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ વૃધ્ધના પરિવારે તેમની કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવુ જીવન બક્ષ્યું હતું.

પુણા બોમ્બે માર્કેટ રોડ ખાતે પરિવાર



સાથે રહેતા પ્રેમીલાબેન મનજીભાઈ ગોયાણી(ઉ.વ.૭૭) ૫મી જુનના રોજ પોતાના ઘરમાં પડી જતાં માથામાં ઈજા સાથે ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં તબીબે તેમને બીજા દિવસે બ્રેનડેડ જાહેર કર્યા હતાં. જેથી ખાનગી તબીબે ડોનેટ લાઈફની ટીમને આ અંગે જાણ કરાઈ હતી. લાઈફ ટાઈમની ટીમે બ્રેનડેડ પ્રેમીલાબેનના પરિવારને અંગદાનનું મહત્વ સમજાવતા પરિવારે પ્રેમીલાબેનના અંગદાન કરવા માટે સંમત થઈ ગયા હતા. પરિવાર તરફથી સંમતિ મળતા ડોનેટ લાઈની ટીમે પ્રેમીલાબેનના કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું હતું અને ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકે સ્વીકાર્યું હતું. દાનમાં મળેલી એક કીડની ગાંધીનગરમાં રહેતા યોગેશસિંહ ભાટીમાં અને બીજી કિડની અમદાવાદના જ કમલેશ પંડિતામાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લિવર જુનાગઢના રહેવાસી હેમાબેન દેવાનંદ કંજાણીને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.



# પુણા-બોમ્બે માર્કેટ રોડ પર ઘરમાં પડી ગયેલા વૃદ્ધાના અંગોનું દાન કરાયું

## **વૃદ્ધાનાં** અંગોના દાનથી અન્ય ૫ વ્યક્તિઓને નવજીવન મળ્યું

સુરત : પુણા-બોમ્બે માર્કેટ રોડ પર સ્વામીનારાયણ નગર ખાતે રહેતા ૭૭ વર્ષિય પ્રેમીલાબેન મનજીભાઇ ગોયાણી ઘરમાં પડી જતા માથામાં ગંભીર ઇજા થવાથી બેભાન થઇ ગયા હતા. જેમને લાલદરવાજાની ખાનગી હોસ્પિટલમાં લઇ આવ્યા હતા. જયાંથી વધુ સારવાર અર્થે ઉધનાની ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા હતા.

ગત ૬ જુનના રોજ ન્યુરોસર્જન અને ન્યુરોફિઝીશ્યનની ટીમ દ્વારા વૃદ્ધ પ્રેમીલાબેનને બ્રેનડેડ જાહેર કર્યા હતા. આ અંગે ડોનેટ લાઇફના પ્રમુખ નિલેશ માંડલેવાલાને જાણ કરાતા તેઓએ પરિવારજનો દ્વારા અંગદાનની મંજી આપી હેતા આખરે આઇકેડીઆરસી દ્વારા બે કિડની, એક લિવરનું દાન લીધું હતું. જયારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ લીધું હતું. દાનમાં લેવાયેલી બે કિડની પૈકીની એક કિડની ગાંધીનગરના રહેવાસી ૫૫ વર્ષિય યોગેશસિંહ ભાટી અને બીજી કિડની અમદાવાદના રહેવાસી ૫૩ વર્ષિય કમલેશ પંડિતમાં જયારે એક લિવર જુનાગઢના રહેવાસી ૫૪ વર્ષિય હેમાબેન કજાણીમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.

# પરિવારજનોએ માનવતા મહેકાવી રાજ્યની પ્રથમ ઘટના: 7 દિવસ, 5 વ્યક્તિ બ્રેનડેડ, 23 અંગોનું દાન મળ્યું

કાઇમ રિપોર્ટર | સુરત

સુરતમાંથી માત્ર સાત જ દિવસમાં પાંચ બ્રેનડેડ વ્યક્તિના પરિવારજનોએ 23 અંગોનું દાન કરતાં 23 લોકોના જીવનમાં આનંદ સાથે પરિવર્તન લાવી શકાયું છે. સાત દિવસમાં 23 અંગોનું દાન મેળવવાની આ રાજ્યભરની પ્રથમ ઘટના હોવાનો દાવો ડોનેટ લાઇફે જારી કરેલી પ્રેસનોટમાં કર્યો છે.

મૂળ ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના રુપાવટી ગામના વતની અને સુરતમાં સ્વામીનારાયણ નગર વિભાગ-1, પુણા-બોમ્બે માર્કેટ રોડ, વરાછા ખાતે રહેતાં લેઉવા પટેલ પરિવારનાં પ્રેમિલાબહેન મનજીભાઈ ગોયાણી (ઉ.વ.77) ગઈ તા. 5-6-18ના રોજ સવારે સાડા પાંચ વાગ્યે તેમના ઘરે પડી ગયા હતા. જેથી તેમને માથાના ભાગે ઈજા થઈ હતી. તબીબી સારવાર કારગત નીવડે એ પૂર્વે પ્રેમિલાબહેન બ્રેનડેડ થઈ ગયા હતા. એ સાથે જ તબીબોએ ડોનેટ લાઈફના સ્થાપક પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કર્યો હતો.

એ સાથે જ ડોનેટ લાઇફની ટીમે પ્રેમિલાબહેનના પુત્રોનો સંપર્ક કરી અંગ દાનનું મહત્ત્વ સમજાવ્યું હતું. કાપડ ઉદ્યોગના વ્યવસાય સાથે સંકળાયેલા આ પરિવારે પોતાની માતાનાં અંગોનું દાન આપવાની સંમતિ આપી હતી. જેના કારણે કીડની, લીવર અને ચક્ષુઓનું દાન મેળવવામાં સફળતા સાંપડી હતી. દાનમાં મળેલી બે કીડનીમાંથી એક કીડની ગાંધીનગરના યોગેશસિંહ લાલચંદભાઈ ભાટી (ઉ.વ.55) અને બીજી કીડની અમદાવાદ રહેતા કમલેશ જયંતીભાઈ પંડિત (ઉ.વ.53)માં ટ્રાન્સ પ્લાન્ટ કરાઈ હતી. જ્યારે લીવર જૂનાગઢના હેમાબહેન દેવાનંદ કંજાણી (ઉ.વ. 554)માં ટ્રાન્સ પ્લાન્ટ કરાઈ હતી.

ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાએ કહ્યું હતું કે તા. 3થી 9 જૂન દરમિયાનના સાત દિવસમાં સુરતની અલગ અલગ હોસ્પિટલમાં પાંચ વ્યક્તિને તબીબોએ બ્રેનડેડ જાહેર કરી હતી. જેનાં 23 અંગોનું દાન પ્રાપ્ત થયું હતું. આ રીતે સાત દિવસમાં 23 અંગોનું દાન મળ્યું હોય તેવી આ રાજ્યની પ્રથમ ઘટના છે.

# દક્ષિણ ગુજરાતમાં અંગદાન થકી ૬૦૫ વ્યક્તિને નવજીવન મળ્યું

**■ બોમ્બે માર્કેટ નજીક રહેતી મહિલાના અંગદાનથી પાંચ લોકોને નવી જિંદગી મળી**

સુરત, તા. ૯

પાટીદાર મહિલા પ્રમિલાબેને અંગદાન કરીને પાંચ વ્યક્તિને નવજીવન આપ્યું હતું. દક્ષિણ ગુજરાતમાં અંગદાન મારફતે અત્યાર સુધી ૬૦૫ વ્યક્તિઓને નવજીવન મળ્યું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર ગત તા.૫-૧-૨૦૧૮ ના રોજ પ્રેમિલાબેન મનજીભાઈ ગોયાણી (રહે. સ્વામીનારાયણ નગર, પુણા બોમ્બે માર્કેટ) વહેલી સવારે ઘરમાં પડી ગયા હતા. ઘરે પડી જતા તેના માથામાં ગંભીર ઈજા થઈ હતાં. ઈજાગ્રસ્ત પ્રેમીલાબેનને સારવાર અર્થે તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં, જ્યાં નિદાનમાં બ્રેઈન હેમરેજ હોવાનું બહાર આવતા પરિજનો ભાંગી પડ્યા હતાં. હોસ્પિટલમાં ૯ જૂનના રોજ ડોક્ટરોની ટીમે પ્રેમિલાબેનને બ્રેઈનડેડ જાહેર કર્યા હતાં.

હોસ્પિટલની ટીમે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશભાઈ માંડલેવાળાને જાણ કરી હતી. ડોનેટ લાઈફની ટીમે પ્રેમિલાબેનના પરિજનોને સાથે વાત કરી તેમને ઓર્ગન ડોનેશનની જાણકારી અને તેમનું મહત્ત્વ સમજાવ્યું હતું. પરિજનો તરફથી સહમતી મળતાં પ્રેમિલાબેનની એક કિડની ગાંધીનગરના રહેવાસી યોગેશસિંહ લાલચંદભાઈ ભાટી (ઉ.વ.૫૫), બીજી કિડની અમદાવાદના રહેવાસી કમલેશ જયંતી પંડિત (ઉ.વ.૫૪), લીવર જૂનાગઢના રહેવાસી હેમાબેન દેવચંદભાઈ કંજાણીને આપી હતી. ત્રણેય દર્દીને નવા અંગ મળતા જ નવી જિંદગી મળી હતી. હતો. પ્રેમિલાબેનના ચક્ષુ લોકદ્રષ્ટિ ચક્ષુ બેંકમાં દાનમાં આપવામાં આવ્યા હતાં.

# DONATE LIFE

## CADAVER ORGAN DONATION FIGURES

**Date: january 2006 to 09th Jun 2018**

**258**
**KIDNEYS**
**105**
**LIVERS**
**6**
**PANCREAS**
**17**
**HEARTS**
**222**
**CORNEA**

**Which has given new lease of life &
vision to 605 persons across the country & globe**